Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૮. ફાલ્ગુન. અંક ૮ મો.

ૐ

## आदीश्वर जिन स्तव.

### જ્ઞાનાદિક ગુણ સંપદારે—એ રાગ.

કલેશ જનન તારો ગયો રે, રાગ તે સર્વ પ્રકાર;
દ્વેષ ગયો ભૂત માત્રથી રે, શમ તૃણ દાહ સમાન.
નમું નિત્ય ભાવશું રે, ભાવતે સમ્યક્ સહાય. ॥ નમું ॥ ૧

અશુદ્ધ વૃતને જે કરેરે, જ્ઞાન કરે અજ્ઞાન;
મોહક્ષયે મહિમા વધ્યોરે, આદીશ્વર ભગવાન ॥ નમું ॥ ૨

વીતરાગ સર્વજ્ઞ છોરે, શાશ્વત સુખના ઇશ;
કિલષ્ટ કર્મ ઉચ્છેદીનેરે, નિષ્કલ થયા જગદીશ. ॥ નમું ॥ ૩

સર્વ દેવના પૂજ્ય છોરે, યોગી જનના ધ્યેય;
સદ્નિતિ સૃજનાર છોરે, આદીશ્વર જિન દેવ ॥ નમું ॥ ૪

એ સદ્વૃતથી યુકત છોરે, શાસ્ત્ર રચ્યાં જે ઉદાર;
પ્રગટ કરે શિવ માર્ગનેરે, દોષ નહિંજ લગાર ॥ નમું ॥ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એહિજ પ્રભુ આરાધવારે, ઉપાય આજ્ઞાભ્યાસ;
યથા શકિત વિધાનથીરે, ફલ પ્રદ છે નિયમાત ॥ નમું ॥ ૬ ॥

સુવૈદના જેમ વચનથીરે, વ્યાધિ સર્વ ક્ષય જાય;
તદ્વત્ તાહરા વચનથીરે, ભવભય નષ્ટજ થાય. ॥ નમું ॥ ૭ ॥

આપ થયા કૃતકૃત્યનેરે, શાન્ત અને ધીમાન;
સમ્યક્ ભકિત વડે કરૂંરે, આદિજીનંદ પ્રણામ. ॥ નમું ॥ ૮ ॥

( જિજ્ઞાસુ ઊમેદવાર )

# શ્રી શત્રુંજય મહાતીર્થ યાત્રા વિધિ.

( અવશિષ્ટ )

ગતાંક પૃષ્ટ ૨૦૩ થી શરૂ

## સાત પ્રકારની શુદ્ધિ સાચવવાની જરૂર.

अंग वसन मन भूमिका, पूजो पगरण सार;
न्याय द्रव्य विधि शुद्धता, शुद्धि सात प्रकार.

૧ અંગ શુદ્ધિ, ૨ વસ્ત્ર શુદ્ધિ, ૩ ચિત્ત શુદ્ધિ, ૪ ભૂમિકાશુદ્ધિ ૫ પૂજા ઉપગરણ શુદ્ધિ, ૬ દ્રવ્ય શુદ્ધિ, ૭ અને વિધિ વિધાન શુદ્ધિ, એ સાત પ્રકારની શુદ્ધિ આત્માર્થી જનોએ પવિત્ર યાત્રા પ્રસંગે પણ અવશ્ય આચરવા યોગ્ય છે. કહ્યું છે કે " સાતે શુદ્ધિ સમાચરી, કરીયેં નિત્ય પ્રણામ " મતલબ કે ઉક્ત સાતે શુદ્ધિનું યથાયોગ્ય સેવન કરીનેજ શ્રી તીર્થરાજને પ્રતિદિન પ્રણામ કરવો ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રથમ અંગશુદ્ધિ—** સંસારીક કાર્યમાં રચ્યા મચ્યા રહેનાર મલીનારંભી ગૃહસ્થ જનોએ પૂજ્ય પ્રવરની પૂજા સેવામાં પ્રવર્તતા દેહ શુદ્ધિ વિવેક પૂર્વક કરવી યુક્ત છે. શ્રીમાન હરિભદ્ર સૂરિવરે અષ્ટકમાં કહ્યું જ છે કે " પ્રાયઃ જળ વ્યતિરિક્ત જીવોની વિરાધના ન થાય તેમ જયણા સહિત દેવાધિદેવ તીર્થંકર ભગવાનની તેમજ નિસ્પૃહી મુનિજનોની સેવા ભક્તિ કરવા નિમિત્તે ગૃહસ્થ જનોને દ્રવ્ય સ્નાન કરવાની અનુમતિ છે. અને તેમ કરતાં ગૃહસ્થ જનોનો ઉદ્દેશ ઉચ્ચ હોવાથી તે તેમને પાપ બંધ હેતુક નહિં પરંતુ પુણ્ય હેતુકજ થય છે. સામાન્ય રીતે તો શાસ્ત્રમાં કંઇક ઉષ્ણ જળ વડેજ શરીર શુધ્ધિ કરવા સૂચવ્યું છે. પરંતુ તીર્થ જળ પ્રસ્તાવે તે વિધિનો આગ્રહ હોવો ઘટતો નથી; સ્વભાવિક તીર્થજળનાં રજકણોનોજ વિશેષ મહિમા ઠેકાણે ઠેકાણે શાસ્ત્રમાં તેમજ લોકમાં પણ ગવાય છે. તેવાં પ્રભાવિક તીર્થજળોને તપાવી–ઉષ્ણ કરી કે કરાવીને તે વડે સ્નાન કરવાની રૂઢિ સુખશીલપણાનેજ પુષ્ટિ આપનારી જણાય છે તે બાબત પુરતો વિચાર કરી હિતકર માર્ગજ આદરવો યુક્ત છે. પવિત્ર જળથી દેહ શુધ્ધિ થયા બાદ ભીંજેલા મલીન વસ્ત્રથી શરીરને લુંછવાથી પુનઃ અંગ અશુધ્ધ થઈ જાય છે, માટે તેવે પ્રસંગે અલાયદા શુધ્ધ વસ્ત્રનોજ ઉપયોગ કરવો ઘટિત છે. બનતાં સુધી સ્નાન કરતી વખતે પહેરવાનું વસ્ત્ર પણ મેલું–દુર્ગંધીવાળું નહિ વાપરતાં તે પણ અલાયદુંજ રાખવું જોઇએ. એમ કરવાથી શરીરનું આરોગ્ય પણ સચવાઈ શકશે. તેવે પ્રસંગે નાહક એકેન્દ્રિય પ્રમુખ અન્ય જીવોની વિરાધના થવા ન પામે તેવી સાવચેતી રાખવાની પણ જરૂરીયાત છે. જળને સારી રીતે ગાળ્યા બાદજ વપરાશમાં લેવાથી તેમજ સૂકી અને નિર્જીવ ભૂમિનું યથાયોગ્ય શોધન કરીને સ્નાન કરવાથી તેવી જીવ યતના સુખે પળી શકે છે. પ્રભુઆજ્ઞામાંજ ધર્મ રહેલો હોવાથી અને આજ્ઞા વિરૂદ્ધ કરેલી કે કરવામાં આવતી ધર્મ ક્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લ્પી નિષ્ફળ થતી હોવાથી સદ્‌ગૃહસ્થોએ જીવ જયણા માટે અવશ્ય કાળજી રાખવી ઘટેછે. અને એમજ વર્તતાં પરંપરાએ આત્મ કલ્યાણ સાધી શકાય છે. માટે વિવેકથી શરીર શુદ્ધિ કરવી ઘટેછે. વાયુ પ્રકોપ વિશૂચિકા ( અજીર્ણ ) પ્રમુખ રોગ પેદ ન થાય અને શરીર સમધાત બન્યું રહે તેવો શુદ્ધ સાત્વિક ખોરાક મિતસર લેવાથીજ સ્વધર્મ-કર્મ સુખે સાધી શકાય છે અને એથી ઉલટા ચાલવાથી શરીરની અસ્વસ્થતા થઇ જતાં ધર્મ કરણી કરવામાં અંતરાય પડેછે અને વખતે દેવ ગુરૂની કે તીર્થની સેવા ભકિત કરવા જતાં આશાતના લાગવાનો પણ પ્રસંગ આવી પડે છે, તે માટે જેમ શરીર શુદ્ધિ સારી રીતે જળવાઈ રહે તેમ વખતો વખત ખાનપાનાદિક પ્રસંગે પણ બહુજ કાળજી રાખવી જરૂરની છે. એમ કરવાથી સ્વહિત સાધનમાં અધિક સરલતા થઈ શકશે. વળી વસ્ત્ર સંબંધી શુધ્ધિ રાખવાની પણ જરૂર છે.

બીજી વસ્ત્ર શુધ્ધિ—ઉત્તમ દેવ ગુરૂનું પૂજન અર્ચન કરવા પ્રસંગે તેમજ પવિત્ર તીર્થરાજની સેવા ભક્તિના પ્રસંગે પણ અંગ શુધ્ધિની પેરે વસ્ત્ર શુધ્ધિની તેટલીજ જરૂર છે. તેવા ઉત્તમ પ્રસંગે પહેરવા ઓઢવાનાં વસ્ત્ર મેલાં કે ફાટેલાં નહિં રાખતાં તે સારાં સાફ કરેલાં અખંડજ રાખવાં જોઇએ.

એક શાટક ઉત્તરાસંગ—એટલે સાંધાસુંધી કર્યા વગરનું સળંગ અખંડ ઉત્તરાસંગ રાખવાનું ગૃહસ્થ-શ્રાવકને કહેલું છે તેમ અન્ય ઉચિત વસ્ત્ર આશ્રી પણ સ્વતઃ સમજી લેવાનું છે. જેમ શરીર શુધ્ધિથી ચિત્તની પ્રસન્નતા બની રહેછે તેમ વસ્ત્ર શુદ્ધિથી પણ મન ઉપર સારી અસર થઇ શકે છે તેથી તેવી બાબતમાં કેવળ ઉપેક્ષા કે ખોટી કરકસર નહિં કરતાં પોત પોતાના ગજા પ્રમાણે તેવા ઉત્તમ પ્રસંગે તો જરૂર વસ્ત્ર શુદ્ધિ માટે પણ કાળજી રાખવી ઉચિતજ છે. જેઓ સાધન સંપન્ન હોય (સારી સ્થિતિમાં હોય) તેમણે તો સંસારિક કાર્યમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વપરાતાં વસ્ત્રોથી જુદાં જુદાં ધાર્મિક કાર્યો માટે ખાસ કરીને સારાં શુધ્ધ વસ્ત્રો અલાયદાંજ રાખી મમતા રહિત તેનો યથાયોગ્ય ઉપયોગ કરવોજ જોઇએ. જેઓ વસ્ત્ર શુધ્ધિના નિયમનો ભંગ કરી જેવાં તેવાં મલીન વસ્ત્રો વડેજ સર્વ વ્યવહાર ચલાવે છે તેમને તેમની ગંભીર ભૂલને લીધે શરીરાદિકના આરોગ્ય માટે વધારે સહન કરવું પડે છે. એમ વિચારી શાણા માણસો વસ્ત્ર શુધ્ધિ માટે પણ વધારે કાળજી રાખેછે.

**ત્રીજી ચિત્ત શુદ્ધિ**—પ્રબળ રાગ દ્વેષ રૂપ કષાય મિથ્યાત્વ અને અજ્ઞાનતા રૂપ મળને દૂર કરી દેવાથી ચિત્ત શુદ્ધિ થઇ શકે છે. અથવા ભય, દ્વેષ અને ખેદ રૂપ દોષને દૂર કરવાથી પણ ચિત્ત શુદ્ધિ થઇ શકે છે. પરિણામની ચંચળતા એજ ભય સદ્ગુણ કે સદ્ગુણવાળી વસ્તુ ઉપર અરૂચિ આવવી તે દ્વેષ અને કલ્યાણકારી ક્રિયા કરતાં થાકી જઇએ તે ખેદ; મતલબ કે જે જે અંતર વિકારો વડે ચિત્ત શુદ્ધિ થતી અટકે છે તે તે વિકારોને વિવેક વડે સમજી દૂર કરવાથી ચિત્ત શુદ્ધિ સહેજે સંપજે છે. રાગ દ્વેષ અને મોહ પ્રમુખ મહાવિકારોથી સર્વથા મુક્ત થયેલા વીતરાગ, પરમાત્માએ બતાવેલાં સઘળાં આત્મ સાધનનો મૂળ હેતુ અંતર શુદ્ધિ કરવાનોજ છે. તે વાત સહુ કોઇ આત્માર્થી ભાઇ બ્હેનોએ ખાસ કરીને લક્ષમાં રાખવા યોગ્ય છે. જો એ મુદ્દાની વાત લક્ષમાં રાખી ગમે તે આત્મસાધનના માર્ગમાં યથાશક્તિ પ્રવર્તે તો તેથી અજ્ઞાન, મિથ્યાત્વ, કષાય પ્રમુખ અંતર વિકારો ઉપશમ્યા વગર રહેતા નથી. પરંતુ ઉપર જણાવેલી પ્રભુ આજ્ઞા તરફ દુર્લક્ષ રાખી જો આપમતિથી કે ગતાનુગતિકતાથી ક્રિયા કરવામાં આવે તો તેવી અજ્ઞાન ક્રિયાથી રાગ દ્વેષાદિક અંતર વિકારો દૂર થવાને બદલે ઉલટા વધવાનોજ સંભવ વધારે રહેછે. જેમ લાભનો અર્થી વ્યાપારી ગમે તે વ્યાપાર કરતાં પરિણામે પોતાને નુકશાન નહિં થતાં થોડો ઘણો પણ ચોખ્ખો લાભજ થાય તેવોજ વ્યાપાર કરે છે તેમ આત્માર્થી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનોએ પણ હરેક ધર્મ કરણી કરતાં પોતાના રાગ દ્વેષ મોહ મિથ્યાત્વાદિક અંતર વિકારો દૂર થતા જાય અને ચિત્ત શુદ્ધિ પ્રમુખ ઉત્તમ લાભ મળતો જાય તેવીજ રીતે પ્રવર્તવું ઉચિત છે. કોઇ પ્રકારે વિકારની વૃદ્ધિ તો થવા ન જ પામે તેવી પૂરતી કાળજી હરેક પ્રસંગે રાખવી જોઇએ.

ચોથી ભૂમિકા શુદ્ધિ–બે પ્રકારની ભૂમિકા શુદ્ધિ કહેવાય છે. એક દ્રવ્ય ભૂમિકાશુદ્ધિ અને બીજી ભાવ ભૂમિકા શુધ્ધિ. દેવ ગુરૂને જુહારવા જતાં જયણા સહીત વિધિ પૂર્વક ચૈત્ય દ્વારમાં કે ઉપાશ્રયમાં પેસી દૂરથી પણ દેવ ગુરૂનું દર્શન થતાંજ અંજલિબધ્ધ નમન કરી પ્રદક્ષિણા દઇ નજરે પડતી આશાતના ટાળી દેવ ગુરૂ સન્મુખ અતિ નમ્ર પણે આવી પંચાંગ પ્રણામ કરતી વખતે ઉત્તરાસંગ પ્રમુખ વડે યથા યોગ્ય ભૂમિ પ્રમાર્જન કરીનેજ શુધ્ધ દેવ ગુરૂની પૂજા ભક્તિ કે સ્તુતિ કરવી ઉચિત છે. આ પ્રમાણે વિધિ સાચવવાનો હેતુ પોતાની ભાવ ભૂમિકા–હૃદય શુધ્ધિ કરવી એજ છે. પૂર્વોક્ત ભય દ્વેષ અને ખેદ દોષને દૂર કરવાથી ભાવ ભૂમિકાની શુધ્ધિ થઇ શકેછે. જેમ જિન ચૈત્યાદિકનું નિર્માણ કરતાં ભૂમિકા શુધ્ધિ કરવા માટે ભૂમિમાં રહેલાં શલ્યાદિક દૂર કરી દેવામાં આવેછે, તેમ હૃદય ભૂમિમાં રહેલાં રાગ દ્વેષાદિક કષાય શલ્ય મિથ્યાત્વ શલ્ય તેમજ પૂર્વોક્ત ભયાદિક શલ્યો અવશ્ય દૂર કરવાંજ જોઇએ. ત્યારેજ યથાર્થ અંતર શુધ્ધિ થયેલી ગણાયછે. જેમ શલ્ય રહિત શુધ્ધ ભૂમિકા ઉપર ચણાવેલા પ્રાસાદમાં સુખે નિવાસ કરી શકાય છે તેમ જેમાં અંતર શલ્ય દૂર થયાં છે એવી હૃદય શુધ્ધિ વાળા સજ્જનોજ સહજાનંદમાં નિમગ્ન રહી શકેછે. ખરેખરૂં સુખ હૃદય શુધ્ધિમાંજ છે, તેથી જેમ સત્વર હૃદય શુધ્ધિ થાય તેમ પવિત્ર લક્ષ સહિતજ હરેક પ્રસંગે આત્માર્થી જનોએ પ્રવર્તવાનું છે. ગડુરિયા પ્રવાહે પ્રવર્તવાથી કશું આત્મહિત સધાતું નથી તેથી જેવી રીતે હૃદય શુદ્ધિ થવા પામે તેવા અંતર લક્ષ–ઉપયોગ સહિતજ સકળ ધ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્મ કરણી કરવી હિતકર છે. બાકી લોક રંજનાર્થે કે અંધ પરં પરાએ વર્તવામાં કંઈ પણ અધિક હિત નથીજ.

**પાંચમી પૂજા ઉપગરણ શુધ્ધિ**—શ્રી તીર્થરાજને ભેટતી વખતે શુધ્ધ દેવગુરૂની સેવા ભક્તિના પ્રસંગે જે કંઈ ઉપગરણો પૂજા સામગ્રીની જરૂર પડે તે અતિ ઉદાર દીલથી સારી સંભાળ પૂર્વક ઉત્તમ પ્રકારના મંગળિક દ્રવ્યો વડે નિપજાવેલ હોય તો ચિત્તની પ્રસન્નતા સાથે ભાવ ઉલ્લાસની વૃદ્ધિ નિમિત્તે બને છે. પૂર્વ મહા પુરૂષોએ પ્રભુ ભકિત પ્રસંગે જે મર્યાદા અંકિત કરેલી છે તેને અનુસરી યથાશકિત પ્રમાદ રહિત આપણે પણ આત્મ કલ્યાણાર્થે લાભ લેવો ઉચિત છે.

સ્વસ્વ શકિત–સાધન પ્રમાણે અનેક પ્રકારે પ્રભુ પૂજા થઈ શકે છે તેમાં અષ્ટ પ્રકારી પૂજા પ્રતિદિન લક્ષ પુર્વક કરવા દરેક શ્રધ્ધાલુ ભાઈ બ્હેનોએ ઉજમાળ રહેવું જોઇએ.

**અષ્ટ પ્રકારી પજા જેમ અંતર લક્ષ** સહિત કરવામાં આવે તેમજ અધિક આત્મહિત રૂપ હોવાથી તે બાબત અત્ર પ્રસંગોપાત સંક્ષેપથી બ્યાન કરીએ છીએ.

૧ જળ પૂજા–શુધ્ધ કરેલાં પવિત્ર કુંભાદિકમાં જયણા સહિત ગાળીને આણેલાં તીર્થજળાદિક વડે સ્નાત્ર અભિષેક ( પ્રક્ષાલન ) કરતાં હૃદયમાં ભાવવું કે પ્રભુ અભિષેકના પ્રભાવે અમારા અનાદિ કર્મ–કશ્મલ દૂર થઇ જાય.

શુચિ—પવિત્ર જળથી જયણા સહીત સ્નાન કરી ઈન્દ્રની પેરે ઉત્તમ વસ્ત્રાલંકાર ધારણ કરી નિર્મળ નીરની ધારાથી શ્રી જિનેશ્વર પ્રભુને ન્હવરાવતાં ઉત્તમ ભાવના યોગે પોતેજ પોતાના આત્માને કર્મ મળ રહિત કરી શકે છે.

પ્રભુને અભિષેક કરી રહ્યા બાદ ઘણાંજ સુંવાળાં બારીક વસ્ત્રથી પ્રભુના પવિત્ર ગાત્રને આદર સહિત લુંછી લેવું ત્યારપછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુક્રમે ઉત્તમ ચંદનાદિક વડે પૂજા કરવી.

૨ ચંદન પૂજા—પ્રભુના આખા અંગે ઉતમ ચંદન પ્રમુખ શીતળ પદાર્થો એકઠા મેળવી વિલેપન કરવું જોઇએ. આજકાલ કેટલાક ભાઈ બ્હેનો ઉપર મુજબ અંગ વિલપન કરવું મુકી દઈ પ્રભુના અંગે પુષ્કળ કેશર ચઢાવેછે. જોકે ચોખ્ખું કેશર મળે તો તેવડે પ્રભુના અંગે તિલક પ્રમુખ કરવા નિષેધ નથી પરંતુ ખાસ કરીને ચંદનનોજ મોટો ભાગ વાપરવાનો છે.

ચંદન પ્રમુખના શીતલ રસવડે પ્રભુને વિલેપન કરતાં ભાવિક આત્મા પોતાનેજ કષાય તાપથી મુકત કરી શીતળ કરી શકેછે. પ્રભુના આલંબનથી પોતેજ શીતળ બનેછે એટલે રાગ દ્વેષ રૂપ કષાય તાપથી મુકાઈ શાંત થાયછે.

૩ કુસુમ (પુષ્પ) પૂજા–ઉત્તમ પ્રકારનાં તાજાં ખુશબોદાર ખીલેલાં અખંડ ફુલોં વડે પ્રભુ પૂજા કરનાર પ્રભુના આલંબને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકેછે. કાચી કળીઓ કે નહિં ઉઘડેલાં તેમજ વાસી અને જીવાકુલ પુષ્પો પ્રભુને ચઢાવવાં યોગ્ય નથી. થોડાં કે ઘણાં ઉત્તમ જાતનાં ફુલ વડેજ પ્રભુ પુજા કરવી ઉચિત છે. શાસ્ત્ર નીતિ અનુસારે ફુલને કિલામનાં ન ઉપજે તેમ પુષ્પ માળાઓ, પુષ્પ ગૃહ કે પુષ્પના પગર ભરવાદિક વડે પણ પ્રભુ પૂજા કરાયછે. કેટલાક ભોલા લોકો શાસ્ત્ર નીતિને બાજુ મૂકી ફુલને સોયથી વીંધીને પુષ્પમાળા તૈયાર કરાવી લે છે તે વાજબી જણાતું નથી. કાચા સુતરના દોરાવડે શિથિલ ગાંઠ દઈને ઉત્તમ સુગંધી પુષ્પોની જે માળા જયણાથી કરવામાં આવી હોય તેવડે પ્રભુ પૂજા કરવી ઉચિત ગણાય છે.

૪ ધૂપ પૂજા–ઉત્તમ દ્વાદશાંગ કૃષ્ણાગરૂ કર્પૂર પ્રમુખ દ્રવ્યોથી બનાવેલ ધૂપની ઘટા ઉખેવતાં જેમ ધૂપ ઘટા ઊંચી ચઢેછે અને દુર્ગંધને દૂર કરી સુવાસના વિસ્તારે છે તેમ ધૂપ પૂજા કરનાર આત્મા પ્રભુ આલંબને અનાદિ મિથ્યાત્વરૂપ કુવાસના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને ટાળી સુશ્રધ્ધાન રૂપ સુવાસનાને વિસ્તારી ઉંચી ગતિ પામવાનો અધિકારી થઇ શકેછે.

લઘુ કલ્પમાં કહ્યું છે કે સામાન્ય ધૂપ પૂજા કરવાથી પંદર ઉપવાસનું ફળ મળે છે અને ઉત્તમ કર્પૂરાદિક મિશ્ર ધૂપ પૂજા કરવાથી એક માસ ઉપવાસનું ફળ મળેછે. તેથી ઉક્ત પૂજામાં અધિક પ્રીતિ જોડવી ઉચિત છે.

**૫ દીપ પૂજા**—ગાયના ઉત્તમ સુગંધી ઘી વડે દીપક પૂજા કરનાર પોતાનો અનાદિ અજ્ઞાન અંધકાર દૂર કરી ઉત્તમ જ્ઞાન પ્રકાશ મેળવી શકેછે. પરંતુ તે પ્રસંગે દીપકમાં પતંગાદિક જીવો જંપલાઇ પડી વિનાશ ન પામે તેવી જયણા ખાતર ફાનસ વિગેરેનો ઉપયોગ રાખવો જરૂરનો છે. જિન મંદિર પ્રમુખમાં કોઇ પણ દીપક પ્રગટાવતાં જયણાને વિસરી જવી જોઈએ નહિં. જેટલું કામ જયણા સહિત બને તેટલુંજ કલ્યાણકારીછે. હાંડી, ઝુંમર વિગેરેમાં પણ દીપકો પ્રગટી રાખતાં જરૂર જયણા રાખવી જોઇએ.

૬ **અક્ષત**—અખંડ (અણીશુદ્ધ) તાંદુલવડે આત્માને સ્વસ્તિ-કલ્યાણકારી સ્વસ્તિક રચનાર આત્મા ઉત્તમ ભાવના યોગે રત્નત્રયીરૂપ પ્રભુના માર્ગને પામી ચાર ગતિને છેદી, અંતે સિદ્ધિ ગતિને પામી શકેછે. સ્વસ્તિક (સાથિયો) રચતાં પ્રભુ સમીપે ઉપર જણાવેલીજ પ્રાર્થના શુભ ભાવના સહિત કરવી જોઇએ.

૭ **નૈવેદ્ય**—અનાદિ દેહાધ્યાસ યોગે જીવને જાતજાતનાં ખાન પાનમાં રતિ લાગેલી છે તેથી વિરકત થવાને પ્રભુ સમીપે વિધ વિધ જાતનાં પકવાન્ન, રસોઇ ઢોકી એવીજ પ્રાર્થના કરવાની છે કે હે પ્રભુ! અનાદિ પુદ્ગલાનંદીપણું તજાવી અમને અણુહારી પદ પ્રાપ્ત કરવો.

૮ **ફળ**—સરસ ઉત્તમ જાતિનાં વિધ વિધ ફળ પ્રભુ પાસે ઢોકી એવી પ્રાર્થના કરવાની છે કે હે જગદીશ! આપ અમારાં અનાદિ જન્મ જરા મરણ સંબંધી અનંતાં દુઃખ નિવારી અમને અક્ષય સુખમય મોક્ષ સુખની બક્ષીસ આપો! આવી રી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સંક્ષેપથી હેતુ સહિત સમજાવેલી અષ્ટ પ્રકારી પૂજા હરેક શ્રધ્ધાળુ ભાઈ બ્હેનોએ પ્રતિદિન કરવા ખપ કરવો જોઇએ. ઉક્ત દ્રવ્ય પૂજા કર્યા બાદ ચૈત્યવંદન પ્રમુખ વડે પ્રભુના ગુણગ્રામ કરી આત્માને તલ્લીન કરવો યુક્ત છે.

છઠ્ઠી દ્રવ્ય શુદ્ધિ—પ્રભુ પૂજાદિક નિમિત્તે જોઈતાં બધાં પૂજોપગરણ ન્યાય યુક્ત દ્રવ્યથી મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. મતલબ કે શ્રધ્ધાવંત ગૃહસ્થે પ્રથમ તો અનીતિ કે અન્યાયનો માર્ગ તજી નીતિ-ન્યાયના ધોરણનેજ અવલંબી રહેવું જોઈએ. નીતિથી વ્યાપારાદિક કરતાં દ્રવ્ય ન મળે એવી માન્યતા કેવળ મૂર્ખાઈ ભરેલીજ જાણવી. શાસ્ત્રકાર તો દ્રવ્ય ઉપાર્જન માટે ખરો ઉપાયજ નીતિનો બતાવેછે. નીતિથી દ્રવ્ય મળે છે એટલુંજ નહિં પણ મળેલું દ્રવ્ય સુખે ભોગવી શકાય છે અને સ્થિર ટકી રહેવાથી વંશ પરંપરા સુધી ચાલ્યા કરેછે. વળી નીતિના દ્રવ્યથી સદ્બુદ્ધિ સુજે છે. તેનો સદ્વ્યય થાય છે અને પરિણામે તે મહા લાભદાયી નીવડેછે. વળી અનીતિના માર્ગે ઉપાર્જેલા ધનના ભોગવટાથી બુદ્ધિ બગડે છે. તે ભોગવતાં કઈક વિઘ્નો આવે છે, અને થોડા વખતમાં તેનો નાશ પણ થઇ જાય છે. સળેલાં ધાન્યની પેરે અનીતિનું દ્રવ્ય ફળદાયી થઈ શકતું નથી. તેથીજ જ્ઞાની પુરૂષો પોકારી પોકારી નીતિનોજ માર્ગ આદરવા આગ્રહ કરે છે. તે માર્ગે ચાલનાર પ્રભુની આજ્ઞાનું પાલન કરનાર લેખાયછે અને તે સદ્ગતિનો ભાગી થઇ અંતે પરમ પદ મોક્ષ-સુખનો ભોક્તા થઇ શકે છે.

યથાયોગ્ય વિધિ શુદ્ધિ—તીર્થ યાત્રા કરવા જતાં આપણા આત્માનું એકાંત હિત સધાય તેવી રીતે જયણા સહિત જાવું. માર્ગમાં કોઈ પ્રકારની વિકથા કરવો નહિં. કોઇ સાથે ક્લેશમાં ઉતરવું નહિં. કોઇને અપ્રિય લાગે અને અહિત રૂપ થાય તેવું વચન નજ કહેવું. શાંત વૃત્તિથી ચિત્તમાં શુભ ભાવના ભાવતાં ભાવતાં અળવાણાં પગે સંભાળ રાખી રાખીને ચાલવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિના કારણુ કોઇને બોજા રૂપ ન થાવું. પવિત્ર તીર્થરાજનો યોગ પામી સુખશીલપણું ઓછું કરવું. પોતાનાં મન વચન કાયાને બની શકે તેટલાં નિયમમાં રાખવાં. કોઇના વચન ઉપર ખીજવાઈ જઇ પોતાના મનની શાંતિ ખોઈ દેવી નહિં. એવી રીતે કાળજી રાખીને વિધિ સહિત તીર્થ સ્પર્શના કરવી. તેવા પ્રસંગે કૃપણુતાદિક દોષો દૂર કરી ઉદાર વૃત્તિ આચરવી. ઉપર તીર્થપતિ શ્રી અરિહંત મહારાજને ભેટી ભાવ સહિત ચઢતા પરિણામે પ્રભુની પૂજા-અર્ચા (સેવા-ભકિત) કરવી. આપણી સમજ પ્રમાણે પ્રભુની સ્તુતિ કરવી. સામાન્ય રીતે સઘળાં ચૈત્યો આદર પૂર્વક જુહારવાં. અતિ નમ્રપણે પ્રભુ મુદ્રાઓને નિહાળી નિહાળી નમન કરતાં જવું. અને વિશિષ્ઠ સ્થળોએ સ્થિરતાથી ચૈત્યવંદન પ્રમુખ કરવા પણુ લક્ષ રાખવું. પ્રદક્ષિણા દેતાં કયાંય કોઇ પ્રકારની આશાતના થતી કે થયેલી નજરે પડે તો તે નિવારવા-દૂર કરવા ખાસ ચીવટ રાખવી. પોતાનાથી જે થઈ નજ શકે એવું હોય તે કરવા અન્ય યોગ્ય જનને ભલામણુ કરી દેવી. પણુ તેવી બાબતમાં છેક ઉપેક્ષા તો નજ કરવી. આશાતના ટાળવી તે પણુ ભકિતનુંજ અંગ ગણાય છે. માર્ગમાં ચાલતાં કે તીર્થ ઉપર ચઢતાં પ્રભુ આજ્ઞાના ખપી એટલે પવિત્ર શાસન રાગી જે કોઇ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા મળે તેમનો ઉચિત વિનય સાચવવો. બની શકે તેટલી તેમની સેવા ભકિત વડે આરાધના કરવી પરંતુ વિરાધના તો કદાપિ પણુ કરવીજ નહિ. ઉપર કે નીચે જિન ચૈત્યાદિકમાં ચૈત્યવંદન કરતાં આપણાથી જે જ્ઞાનાદિક ગુણુમાં અધિક હોય તેવા વડીલ જનોનો અધિક વિનય સાચવવો. તેઓ ચૈત્યવંદનાદિક કરતા હોય તો આપણે તે નમ્ર વૃત્તિથી શ્રવણુ કરવું; પરંતુ તેમનાથી જૂદું કરીને સામું ડોળી નાંખવું નહિ. તેમ છતાં જૂદું કરવા જેવોજ પ્રસંગ હોય તોપણુ એવા મંદ સ્વરથી કરવું કે જેથી બીજાની ભકિતમાં કોઇ પણુ પ્રકારે વ્યાઘાત આવે નહિં. જિન મંદિરમાં પેસતાં કે નીકળતાં ઘંટાદિક વગાડતાં પણુ એવો ખ્યાલ અવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થ રાખવો. મતલબ કે જે કંઇ કરણી આપણે કરિયે તે એવા અંતર લક્ષથી કરવી કે તેથી આપણું એકાંત હિત ઉપરાંત બીજા પણ આત્માર્થી જનો તેનું અનુમોદન તેમજ અનુકરણ કરે. સ્થિર ચિત્તથી કરેલી ધર્મ કરણી લેખે થાય છે. તેથી આપણી સ્થિરતા ટકી રહે તેવી અને તેટલી કરણી પ્રસન્ન ચિત્તથી કરવી. દુનીયાના સર્વ જીવો સાથે તેમાં પણ આપણા સાધર્મી ભાઇઓ તથા બ્હેનો સાથે વિશેષે કરીને મૈત્રીભાવ રાખવો. ધર્મચુસ્ત સદ્ગુણી જનોમાં પ્રગટી નીકળેલા સદ્ગુણો નિહાળી નિહાળીને દીલમાં બહુજ રાજી થાવું. તેમનામાંથી બની શકે તેટલા સદ્ગુણ ગ્રહણ કરીનેજ કૃતાર્થ થાવું. દ્વેષ ઈર્ષા અદેખાઈ પ્રમુખ દુર્ગુણોને તો દેશવટોજ દેવો. દોષ દૃષ્ટિથી ગુણ ગ્રહણ કરી શકતાજ નથી. પરંતુ ઉલટા આપણામાં દોષનીજ વૃધ્ધિ થાય છે. જે બાપડા નવીન–શિખાઉ હોય એટલે ધર્મ અભ્યાસમાં પશ્ચાત હોય તેમના ઉપર અનુકંપા લાવી જેમ તેઓ પણ અભ્યાસમાં આગળ વધી આપણી બરોબર થાય તેમ ઇચ્છવું અને કરવું. પણ નાહક તેમની ઉપેક્ષા કે અવગણના કરવી નહિંજ. ગમે તેવા પાપી તથા દેવ ગુરૂના નિંદક હોય તોપણ તેમની ઉપર દ્વેષ કરવામાં પોતાને તેમજ તેમને કશો ફાયદો થતો નથી, તેથી દ્વેષ તો નજ કરવો. તેમજ તેવા નિર્દય પ્રાણીઓ સાથે રાગ પણ કરવામાં કશું સ્વહિત કે પરહિત સધાતું નથી તેથી રાગ પણ ન કરવો. તેમનાથી તો તદ્દન ઉદાસીનજ રહેવું હિતકારી છે. ઉપર સંક્ષેપ માત્રથી કહેલી મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થ્ય ભાવનાથી સદાય આપણા આત્માને સુવાસિત રાખવો. વળી વિધિના પ્રસ્તાવે શાસ્ત્રકારે કહેલું છે કે—

" દગ્ધ શૂન્ય ને અવિધિ દોષ, અતિ પ્રવૃત્તિ જેહ,
ચાર દોષ છંડી ભજો, ભકિત ભાવ ગુણ ગેહ. "

મતલબ કે વિધિ રસિક જનોએ દગ્ધ દોષ, શૂન્યતા દોષ, અવિધિ દોષ અને અતિ પ્રવૃત્તિ દોષ. એ ચાર દોષોને અવશ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તજવા જોઈએ. ઉક્ત ચાર દોષ રહિતપણે દેવ ગુરૂ કે તીર્થ સંબંધી સેવા ભક્તિ બહુ ગુણકારી-અત્યંત લાભદાયી થઇ શકે છે, માટે તે ચાર દોષનું સ્વરૂપ સમજવા અને સમજીને નિર્દોષ કરણી કરવા પ્રયત્ન કરવો ઘટે છે.

૧ દગ્ધ દોષ-કોઈ એક ધર્મકરણી કરતાં બીજી બીજી કરણી કરવા મન દોરાય, મન મુકામે નહિ રહેતાં, ચાલતી ક્રિયાનો લાભ નહિ લેતાં અન્ય અન્ય સ્થાને ભટકે, તેથી ચાલુ કરણી નિષ્ફળ થઇ જાય.

૨ શૂન્યતા દોષ-જે કંઇ ધર્મકરણી કરવામાં આવે તે સંમૂર્છિમની પેરે ઉપયોગ શૂન્યપણે સમજ વગર અથવા શબ્દ, અર્થ કે તદુભયના લક્ષ વગરજ કરાય અથવા તો હું શું કરૂં છું ? મેં શું કર્યું ? તેમજ હવે મારે શું કરવાનું છે ? તેનું જેને કશુંજ ભાન ન હોય એવી શૂન્ય કરણીથી શો લાભ થઇ શકે ?

૩ અવિધિ દોષ-જે ધર્મકરણીનો જેવો ક્રમ ( મર્યાદા ) જણાવેલ હોય તેથી વિપરીત-ઉલટ પાલટ આપ મતિથી કરે કે જ્ઞાનીને પૂછી યથાર્થ સમજ મેળવ્યા વગરજ જેમ ફાવે તેમ ગડુરીયા પ્રવાહે કરે યા તો અધિક ઓછી કરે અથવા આગળ પાછળ કરે તેથી સ્વહિત ન થાય.

૪ અતિ પ્રવૃત્તિ દોષ-દિગંબરની પેરે દેશ, કાળ, ભાવને તપાસ્યા વગર ગજા ઉપરાંતની ક્રિયા કરવાનો ખોટો આગ્રહ કહો કે કદાગ્રહ કરે તેથી પણ લાભને બદલે હાનિજ થાય.

ઉક્ત ચારે દોષોનું સ્વરૂપ ગુરૂ ગમ્યથી વિશેષે જાણી જેમ બને તેમ નિર્દોષ-દોષરહિત ધર્મકરણી કરવા ખપ કરવો તેમજ જેઓ વિધિ રસિક હોઇ સેવવામાં આવતી ધર્મકરણીનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહુસ્ય ગુરૂગમ્ય મેળવી તે પ્રમાણે આદર સહિત આચરણ કરતા હોય તેવા ઉત્તમ પુરૂષોનો સમાગમ મેળવી તેમની શુદ્ધ નિર્દોષ ધર્મકરણી નિહાળી પોતાની કરણીમાં ચલાવી લેવાતી ભૂલો સુધારવાના ખપી થવું ચુકત છે.

જે ભાગ્યવંત જનો યથાર્થ વિધિ ચુકત ધર્મકરણી કરે છે, તેઓ ધન્ય કૃત પુન્ય છે. તેમજ જેઓ પોતે યથાશકિત નિર્દોષ ધર્મકરણી કરવા ઉપરાંત અન્ય યોગ્ય જનોને તેમાં સહાય કરે છે, નિર્દોષ કરણીની અનુમોદના કરે છે–તેની મુકત કંઠથી પ્રશંસા કરે છે, યાવત્ તેની પ્રાણાંતે નિંદા તો કદાપિ કરતાજ નથી તેઓ પણ ધન્ય છે. નિર્દોષ ધર્મકરણીની નિંદા કરનારને બહુજ સંસાર પરિભ્રમણ કરવું પડે છે; તેથી તેની નિંદા તો સર્વથા વર્જવા યોગ્યજ છે.

જેમને શરૂઆતમાં ધર્મકરણી કરતાં સહજ સ્ખલનારૂપ અવિધિ દોષ લાગે છે, પરંતુ તેનો યથાર્થ વિધિ જાણવા અને આદરવા જે ખપ કરે છે તેઓ પણ શુભ ભાવના યોગે સારો લાભ મેળવી શકે છે. જેઓ કહે છે કે અવિધિથી કરવા કરતાં નહિજ કરવું સારૂં, તે તેમનું કહેવું વિપરીત–શાસ્ત્ર વિરૂદ્ધજ છે. વિધિના ખપી તો થવુંજ જોઇએ.

ઇતિશમ્.

# જૈન સાહિત્ય.

જૈન સાહિત્યમાં કાવ્યાદિ પદાર્થને માટે શું પ્રતિપાદન કરેલ છે? ઉત્તમ રસ કયો છે અને રસિકતામાં તથા સુંદરતામાં ઉત્તમતાનું બીજ શું છે? અને તેનું સ્વરૂપ કેવું છે? તે વિષે ઘણું જોવાનું છે. જૈન કવિઓ શાંત રસને પ્રધાનપદ આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ પ્રવર્ત્યા છે, તોપણ તેઓએ કવિત્વના સ્વરૂપને સર્વ રસોના પ્રવાહમાં ઝળકાવ્યું છે. તેમની રસિક વાણીમાંથી અનેક જાતના રસના ઝરાઓ વહેછે અને સહૃદય પુરૂષોને તે તે રસમાં તલ્લીન બનાવી દે છે. કેટલીએક તેમની કવિતાઓ વાંચતા હૃદયને ચમત્કાર લાગે છે. હૃદય પીગળી જાયછે. જે વિષય કવિતામાં યોજિત હોય, તેમાં તન્મય થઈ જવાય છે. બીજી લૌકિક કે વ્યવહારિક વાત પણ ભાનમાંથી નીકલી જાય છે.

જૈન કવિઓએ ભૂતકાલમાં પોતાના પ્રતિભાના પ્રભાવને અતિશય દર્શાવ્યો છે. તેમના કવિત્વના પ્રયાસો કેટલાએક વિદ્યમાન છે; પણ પૂર્ણપણે કવિત્વથી ભરપૂર એવા કેટલાએક ગ્રંથો પ્રકાશમાં આવ્યા નથી, તેમ આવતા નથી, એ ખેદની વાર્તા છે.

જૈન કવિઓમાં સાહિત્યને વધારનારા કવિઓની કૃતિઓનો મોટો ભાગ વિચ્છિન્ન થઇ ગયો છે અને કદિ કોઈ સ્થળે હશે તો તેને પ્રકાશમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવતો નથી, એ શોચનીય છે. ભવિષ્યની જૈન પ્રજાની પ્રતિભા શક્તિ ખીલાવવાને અને સાહિત્ય દ્વારા પ્રદર્શિત કરેલા ધાર્મિક અને વ્યવહારિક વિષયોને ભવિ આત્માઓના હૃદયપર સચોટ આરૂઢ કરવાને વિસૃત કરેલા જન સાહિત્યના રસ ભરિત સ્વાદથી જૈન પ્રજા બેનશીબ રહેછે. માત્ર વ્યાપાર કલાના વાતાવરણમાં ઉછરતી અને તેમાં તલ્લીન બનેલી જૈન પ્રજા પોતાના સાહિત્યના રમણીય ઉદ્યાનના મધુર ફ્લ તરફ ઉપેક્ષા રાખે છે, એ ઘણુંજ ખેદકારક છે. તેમાં પણ જેઓ આધુનિક કેળવણીના પ્રસાદને પ્રાપ્ત કરનારા યુવકો થાયછે, તેઓ પણ તે તરફ ઉપેક્ષા રાખેછે, એ વિશેષ ખેદકારક છે. એમ ન થવું જોઇએ.

જૈન કવિ વાગ્ભટે સાહિત્યેના ઉપયોગી સાધનો પૂરા પાડવાને ઉત્તમ ગ્રંથો લખેલા છે. કાવ્ય, અલંકાર અને રસ એ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટલે શું ? તેમની નિષ્પત્તિ શી રીતે છે ? એજ વિષયને અવલંબી તેણે ઘણા વિસ્તારથી સાહિત્ય શાસ્ત્રાનુસાર અને કોઈ પણ વિચારવાન વાચકને ઉપયોગી થઈ પડે તેવી રીતે ગૌરવ ભરેલા ગ્રંથો રચેલા છે. તેમણે પોતાના ગ્રંથોમાં સાહિત્યના પોષક વિચારો એવા તો ઉત્તમ રીતે વર્ણવ્યા છે, કે જે વાંચવાથી કે ભણવાથી વાચક અથવા અભ્યાસી સાહિત્યમાં સારી રીતે પાંડિત્ય મેલવી શકે તેમ છે.

ઈતર સાહિત્યકારો 'રસાત્મક વાક્ય' ને કાવ્ય કહેછે, કોઈ દોષ રહિત, ગુણ રહિત, અને કવચિત્ અલંકાર રહિત એવા શબ્દાર્થને કાવ્ય કહેછે અને કોઈ "રમણીયાર્થ પ્રતિપાદક શબ્દ" ને કાવ્ય કહેછે, ત્યારે કોઈ જૈન સાહિત્યકાર "કોઈ પણ રસમાં એકાગ્રતા પ્રાપ્ત કરી આપવાનું સાધન" તે કાવ્ય એમ કહેછે. વાગ્ભટ પણ તેનાથી જુદું લક્ષણ બાંધી તે વાકયને પોષણ મલે તેવી રીતે કાવ્યનું લક્ષણ જણાવે છે. એકાગ્રતામાં અનિર્વચનીય આનંદ રહેલો છે. કોઇ પણ વસ્તુ પર તલ્લીનતા પ્રાપ્ત કરવી હોય તો એકાગ્રતાને આગળ કરવી પડે છે. એકાગ્રતાના યોગથીજ અનેક જાતના અલૌકિક આનંદો મેલવી શકાય છે. જૈન શાસનમાં જે આનંદ વર્ણવેલો છે, તે એકાગ્રતાથી સાધ્ય છે.

કાવ્યને અંગે શબ્દ શકિતનો વિચાર પ્રાપ્ત થાય છે. અભિધા, લક્ષણા અને વ્યંજના—એ ત્રણ શકિત સર્વત્ર પ્રસિદ્ધ છે જૈન કવિઓએ પણ એ શકિતઓને આગળ કરી કાવ્યની યોજના કરેલી છે. તેમના કાવ્યમાં વ્યંજના શકિતને પ્રધાનપદ આપવામાં આવ્યું છે. અભિધા અને લક્ષણા ગૌણ રૂપે રાખેલી છે. કેટલાએક કવિઓએ તે ઉભય લક્ષણાને પણ અગ્રપદ ઉપર આરૂઢ કરી છે, તથાપિ વ્યંજના શકિતની પ્રધાનતા વિશેષ જોવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈતર કવિઓના કેટલાક કાવ્યો કેટલેક દરજ્જે ચડીયાતા કહેવામાં આવે છે પણ જે યોજના ભરેલી પ્રતિભા જૈન કવિ–ઓની કવિતામાં પ્રકાશિત થાય છે, તેવી બીજાઓમાં વિશેષ જોવામાં આવતી નથી. કેટલાએક તો કવિતાનું ઉચ્ચ સ્વરૂપ સમજ્યા વિના સ્થૂલ ભાવમાં તેને છિન્ન–ભિન્ન કરી નાખીને પણ પોતાને કવિ કહેવરાવવામાં માન સમજી પ્રવર્ત્યા છે અને પ્રવર્તે છે. પણ કેટલાએકની કવિતામાં તેમાં ખાસ કરીને ઉચ્ચ કોટીમાં આવેલા જૈન કવિઓના કાવ્યમાં માર્મિક અને રસની એકાગ્રતાને પ્રતિપાદન કરનાર કાવ્ય સ્વરૂપને અતિ સમીપ એવો ઉદ્ગાર જોઈ મનને પૂર્ણ આશ્વાસન મળે છે. કોઈ કોઈ સ્થલે જૈન કવિઓએ શાંત રસને પ્રેમ સાથે જોડી જે અદ્–ભુત પ્રકાર વર્ણવ્યો છે તે પ્રકાર અવશ્ય સહૃદયોને પૂર્ણ આનંદ ઉપજાવ્યા વિના રહે તેવો નથી. ઇતર કોઇ કવિઓએ જે સ્થૂલ ભાવનાએ, જે પશુ વૃત્તિઓ અને જે વિષય સંબંધો વર્ણવી તેને પ્રેમનું નામ આપેલું છે, તેને મુકાબલે જૈન કવિઓએ જે ઉચ્ચ ભાવનાનું વર્ણન કરેલું છે, તે આદરણીય છે. સ્થૂલમાત્રથી વિમુક્ત, વિષય સંબંધથી રહિત અને શબ્દાતીત એવી જે સ્થિતિ તે બતાવાને જૈન કવિઓ સર્વદા બધ્ધ પરિકર રહ્યા છે. મનુષ્યને જે ધર્મ, ભક્તિ કે પ્રેમદ્વારા પરમાત્માના સ્વરૂપનું ભાન થાય છે, અધ્યાત્મરસનો આનંદ આવે છે અને પોતે પરમાત્મ રૂપ બની શકે છે, તે ધર્મ, ભક્તિ અને પ્રેમ જૈન કવિઓની કવિતામાં ઓતપ્રોત રહેલ છે. આથી જૈન કવિઓની કૃતિઓ મનોરંજકપણામાં ચડીઆતી અને સ્તુતિપાત્ર થઈ છે. લાંબા તથા વિવિધ પ્રકારના વિકટ અનુભવમાંથી સુવાસરૂપે પ્રસરતી જૈન કવિતાને વારંવાર માનપૂર્વક અવલોકવાની સર્વે અનુભવીઓને ભલામણ કરવામાં આવે છે. આ જગતમાં અનુભવ એ મહાન્ શિક્ષક છે. બુદ્ધિના ચમત્કારની ઉપર તેનો અધિકાર છે. આવા અનુભવથી કોઇ કોઇ સ્થળોએ જેજે ઉદ્ગારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાઢેલા છે તે ઘણા માર્મિક અને અનુભવીઓને આનંદ સાથે આશ્વાસન આપે તેવા છે. તેમના ઉત્તમ કાવ્યની ચમત્કૃતિ એવા ઉદ્દગારોમાં અને તે ઉદ્દગારોથી અન્યત્ર પણ તેવો અનુભવ ઉપજાવવામાં રહેલી છે. અનુભવથી નિર્મલ અને આર્દ્ર હૃદયમાં, અનાચાર, સંકોચ, અધમતા, આદિ જોઇને આઘાત થાયછે, કે સ્વાર્પણ ઉપરાન્ત, પ્રેમ, દયા આદિ જોઈ વિસ્તાર વ્યાપેછે, એવા અનુભવથી પ્રગટ થયેલી જૈન કવિઓની વાણી અન્ય સર્વ પ્રતિભાઓમાં વિજયવતી થાય, એ સ્વાભાવિક છે; તેથી જૈન સાહિત્યનું વિશાળ ક્ષેત્ર નવપલ્લવિત કરવાની આવશ્યકતા છે.

# બાર વ્રતના અંતરંગ હેતુઓ.

(ગત અંક ૪ ના પૃષ્ટ ૧૨૨ થી શરૂ.)

ચોથું શિક્ષાવ્રત તે, શ્રીવીતરાગના ધર્મના વિષે રહેલ સાધુ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓએ અતિથિ કહેવાય છે તેઓને ન્યાયથી મેળવેલ અને કલ્પનીય અન્નપાનાદિક જેને જેમ ઘટે તેમ તેને આપવું તે અતિથિ સંવિભાગ વ્રત કહેવાય છે. આ ચારે શિક્ષાવ્રતો – શિક્ષાપદ એટલે સાધુના ધર્મને અભ્યાસ તેના પદો એટલે સ્થાનો છે, અને આ વ્રત તે વ્રતદાન કહેવાય છે. તેને માટે જૈન શાસ્ત્રકારોએ ઘણું વિવેચન કરી લખેલું છે. દાનની અનુપમ મહત્તા શાસ્ત્રમાં પ્રસંગે પ્રસંગે દર્શાવી છે અને તેને માટે સહેતુક દ્રષ્ટાંતો આપેલાં છે.

દાન, એ શબ્દનો અર્થ આપવું થાય છે. દાનમાં શું આપવું જોઇએ? એ વિષે વિવેચન કરી છેવટે આર્હત આગમમાં તેના મુખ્ય ચાર પ્રકાર પાડવામાં આવેલા છે. ૧ **આહારદાન,** ૨ **ઔષધદાન,** ૩ **અભયદાન** અને ૪ **જ્ઞાનદાન,** એ ચારમાંથી **જેને જે યોગ્ય હોય તેને તે દેવું, એ દાનનો મુખ્ય હેતુ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ચતુર્વિધ દાનના હેતુઓ ઘણાજ ગંભીર છે. આ મનુષ્ય શરીર કે જેને શાસ્ત્રમાં ચિંતામણિની ઉપમા આપી છે અને પ્રસિદ્ધ દશ દ્રષ્ટાંતોથી તેની દુર્લભતા સિદ્ધ કરવામાં આવી છે, તે માનવ શરીરની ઉપયોગિતા સ્વપર ઉપકાર અને ધર્મ સાધનને માટે છે અને તેથી તે શરીરનો નિર્વાહ કરવો, આવશ્યક છે. તેવા શરીરના રક્ષાને માટે **આહારદાન** અને **ઔષધદાનની** પૂર્ણ આવશ્યકતા પણ જાણવાની છે. શરીરને નિર્વાહનું મુખ્ય સાધન આહાર છે અને કર્મયોગે પ્રમાદના દોષથી જો શરીર આરોગ્યતાથી ભ્રષ્ટ બની ગયું હોય તો તેને ઔષધના ઉપચારથી સુધારી શકાય છે. તેથી આહારદાન અને ઔષધદાન તે કારણો અત્યંત ઉપયોગી છે.

આ જગતમાં મુખ્યત્વે કરીને બે પ્રકારના ભય છે. ૧ **ઇહલૌકિકભય અને૨પારલૌકિકભય.** શત્રુ, બલવાન્ અને બીજા પ્રતિસ્પર્દ્ધીઓનો જે ભય, લાજ, પ્રતિષ્ઠા અને રહસ્ય ખુલ્લા થવાનો જે ભય, તેમ રાજશિક્ષાનો જે ભય તે બધા ઇહલૌકિક ભય કહેવાય છે. અધર્મ, દુરાચારને લઇને નરક વગેરેનો જે ભય તે પારલૌકિક ભય કહેવાય છે. એ બંને પ્રકારના ભયમાંથી બચાવી અભય કરવું, તે **અભયદાન** કહેવાય છે. આ મહાદાનને માટે આર્હત આગમમાં ઘણું સવિસ્તર વિવેચન કરવામાં આવ્યું છે. કોઇપણ પ્રાણીને ભયમાંથી મુક્ત કરવામાં અતુલ્ય પુણ્ય પ્રાપ્ત થાય છે. એ પ્રસંગમાંજ અભયદાનનો મહિમા સારી રીતે વર્ણવેલો છે. ચોથું જ્ઞાનદાન તો સર્વોત્કૃષ્ટ છે. આ સંસાર અને ધર્મના શુદ્ધ સ્વરૂપને ઓળખાવનારૂં, હેય-ઉપાદેયને દર્શાવનારૂં અને આત્મોન્નતિને સાધનારૂં જ્ઞાન માનવ જીવનની મહત્તાનું પ્રતિપાદક છે. જ્ઞાનનો મહિમા અને નિરૂપમ પ્રભાવ શાસ્ત્રકારોએ અચ્છી રીતે વર્ણવ્યો છે. એવા જ્ઞાનનું દાન કરવું, એ મોટામાં મોટું સત્કર્મ છે. અજ્ઞાન અંધકારમાં ડુબેલા અને પામરતામાં પ્રલીન થઇ ગયેલા મનુષ્યોને જ્ઞાનનું દાન મહાન ઉદ્ધારક થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે છે. એવા જ્ઞાનના દાતાને જેટલો ધન્યવાદ આપીએ, તેટલો થોડો છે. આ પ્રમાણે ચતુર્વિધ દાનનો વિધિ જેમાં આવે છે, એવા ચોથા દાન અથવા અતિથિ સંવિભાગ નામના શિક્ષા વ્રતની અંદર પૂર્વના મહાત્માઓએ તેવા ઉત્તમ અંતરંગ હેતુઓ યોજેલા છે.

વળી તે અતિથિસંવિભાગ એ વ્રતની અંદર ગ્રહસ્થોએ પોતાને ઘેર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ આવેથી ભક્તિથી તેમની સામે ઉભા થવું, આસન આપવું, પગ ધોવા, અને નમસ્કાર વગેરે જેને જેમ ઘટે તેવા પ્રકારેથી તેમની પૂજા કરી, પોતાની સમૃદ્ધિની શક્તિ પ્રમાણે અન્ન, પાન. વસ્ત્ર, ઔષધ, અને સ્થાન આપી તેનો સંવિભાગ કરવો જોઈએ, એમ શાસ્ત્રકારોએ ફરમાન કરેલું છે.

મહાંગણમાં આવેલા અતિથિનો સત્કાર કરવો, એ ગૃહસ્થાવાસની શોભા છે અને તેમાંજ ગૃહસ્થના ઘરની પ્રતિષ્ઠા, ધર્મ, વૃદ્ધિ, તેમજ આત્મોન્નતિના હેતુઓ છે. એ પણ ગૃહસ્થ ધર્મના તત્ત્વનો બોધ આ ચોથા શિક્ષા વ્રતથી થાય છે. આવો ગંભીર આશય ધારણ કરી પૂર્વના મહાત્માઓએ આ વ્રત ઉપદેશેલું છે.

તેઓની દાનને માટે અંતરંગ એવી પણ સૂચના છે કે, દાન દેવામાં સત્પાત્રની યોજના કરવી – સત્પાત્રનેજ દાન આપવું સત્પાત્રને આપેલું દાન સફલ થાયછે. જે દાન આપવાથી પાત્રને આલસ, પ્રમાદ, ઉન્મત્તતા, રોગ અથવા પાતક ઉત્પન્ન થાય તે દાન કહેવાતું નથી. આવાં કારણથી દાતાએ બહુ વિચારી દાન દેવું જોઈએ.

આ ચોથા શિક્ષાવ્રતના પણ પાંચ દોષ છે. ૧ સચેત વસ્તુને વિષે સાધુઓને આપવા યોગ્ય વસ્તુઓનું સ્થાપન કરવુ તે પ્રથમ અતિચાર છે. ૨ સદોષ વસ્તુ વડે આપવા યોગ્ય વસ્તુઓને ઢાંકીને દાન દેવુ. ૩ આ અન્નાદિક વસ્તુઓ પારકી

For Private And Personal Use Only